# પેટ્રોલ-ડીઝલનો ભડકો મોંઘવારી ભડકાવશે

**એક પરિવારનો મહિને ૬૦૦ રૂ.નો ખર્ચ વધવાનો અંદાજ : જીવન જરૂરીયાતની તમામ ચીજોના ભાવ વધશે : ભાડા પણ વધશે**

ગાંધીનગર, તા. ૨૪

દરરોજ વધી રહેલા પેટ્રોલ-ડીઝલના ભાવો મધ્યમ વર્ગની ચિંતા વધારી રહ્યા છે. મોંઘવારીમાં માંડ પુરૂ કરતા નીમ્ન

**સમયસર**

મધ્યમવર્ગીય પરિવારો પર પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો કમરતોડ સાબિત થતો જાય છે. અનેક દાવાઓ અને આશ્વાસનો છતાં ઈંધણના ભાવ કાબુમાં આવી નથી રહ્યા અને મોંઘવારી બેકાબુ બની રહી છે. પ્રજા લુંટાઈ રહી છે અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો માલામાલ બની રહી છે.

સતત અગિયારમાં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે. ઓઈલ કંપનીઓ દરરોજ ભાવ વધારાનો ડામ દઈ રહી છે જેની સીધી અસર મધ્યમવર્ગ પર પડી રહી છે. ઈંધણમાં થઈ રહેલો સતત વધારો ફક્ત આ બે કોમોડીટી પુરતો જ મર્યાદિત રહેવાનો નથી. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની અસર બધી જ પ્રોડક્ટ અને સેવાઓ પર થાય છે. મોંઘવારીનું ચક્ર ઝડપથી ફરવાનું શરૂ થયુ છે. છેલ્લા કેડટલાય સમયથી અનાજ, કઠોળ અને શાકભાજીનો ભાવ વધારે જ છે. હવે આ નવા બોજથી ટ્રાન્સપોર્ટેશન મોંઘુ બનશે જેની સીધી અસર ચીજવસ્તુઓના ભાવો પર પડશે. તમામ ચીજવસ્તુઓના ભાવો ૩૦ ટકા સુધી વધવાનો અંદાજ છે. રાંધણગેસ, ડીઝલ અને પેટ્રોલની કિંમત વધતા એક મધ્યમ વર્ગીય પરિવાર પર ઓછામાં ઓછો રૂ. ૬૦૦નો બોજ વધશે. આ બોજ દિવસે દિવસે વધી શકે છે. દૂધ, શાકભાજી જેવી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ વધવાની સાથે ટ્રાન્સપોર્ટેશન મોંઘુ બનશે. બાળકોની સ્કૂલ રીક્ષાની ફી વધશે. બસભાડા વધશે. પ્રવાસ-યાત્રા વધુને વધુ મોંઘી બનશે. ટ્રાન્સપોર્ટેશન ઉદ્યોગ સાથે સંકળાયેલા આગેવાનો કહી રહ્યા છે કે ટૂંક સમયમાં રીક્ષા, ટેક્સી અને બસના ભાડામાં વધારો કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **હરજીવન ટી. પટેલ,** વતન બાલીસણા, પાટણ (પૂર્વ આચાર્ય, શેઠ એમ. પી. મ્યુનિસિપલ હાઈસ્કૂલ, કપડવંજ, પૂર્વ આચાર્ય, એન.એચ.શાહ હાઈસ્કૂલ, બાયડ) તા.૧૮-૫-૧૮ના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૬-૫-૧૮ને શનિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમીયા માતાજી કડવા પાટીદાર સમાજ, સીવીલ હોસ્પિટલ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર. મો.૯૮૨૫૧ ૫૧૯૧૫**

ગં.સ્વ.રસીલાબેન એચ.પટેલ

ઉર્વશી વાય. પટેલ — યોગેન્દ્ર એચ. પટેલ (ભરતભાઈ દાઢી)
યામિની એ. પટેલ — અરૂણ એચ. પટેલ
પ્રિતી એન. પટેલ — નિકુંજ એચ. પટેલ




ભગત ભર દે રે ઝોળી...

# શહેરમાં ૮૦૦ સરકારી આવાસો તોડી નંખાશે

**તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરી જુના સરકારી આવાસો તોડવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ ભયજનક અને જોખમી મકાનો સામે આવી રહયા છે. એક અંદાજ મુજબ શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો રહેણાંકને લાયક નથી. શહેરમાં સમયાંતરે જોખમી મકાનોનો કડુસલો કરવામાં આવે છે.જયારે સર્વેના અંતે હજુ પણ વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામ હાથ ધરાશે. સર્વેના અંતે શહેરમાં હજુ પણ અંદાજિત ૮૦૦ જેટલા મકાનો તોડવામાં આવશે.

ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ . ચાર દાયકા જેટલા સમયના અંતે આ મકાનો જાળવણીના અભાવ વચ્ચે ખંડેર બન્યા છે. કંગાળ ભાસતા સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ પણ જોખમી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. અગાઉ એક દાયકાના અંતે નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો. જયારે નિકાલ હેઠળના ૧૮૦૦ જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ તબક્કાવાર મકોનો તોડવાનુ કામ ચાલુ છે. સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી મકાનો પૈકી અભ્યાસ અન્વયે તબક્કાવાર મકાનો તોડવા માટે સર્વે હાથ ધરવામાં આવે છે. અગાઉ પણ સે-૭ અને સે-૧૩ માં સરકારી આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી.એકબાજુ સેકટરોમાં નવા મકાનો બાંધવા માટે ખંડેર આવાસો તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે જયારે સે-૭ અને સ- ૨૯ માં નવા મકાનો તૈયાર કરી દેવાયા છે. જયારે સે-૩૦ માં નવા મકાનો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. શહેરમાં હજુ પણ નવા આવાસો બાંધવા માટે જગ્યા આખરી કરવામાં આવશે. બીજીતરફ સેકટરોમાં રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોય તેવા મકાનો તોડવા માટે પણ સર્વે હાથ ધરાયો હતો. જયારે આગામી દિવસોમાં સેકટરોમાં ૮૦૦ જેટલા સરકારી આવાસો તોડવાનુ કામ હાથ ધરાશે. વિવિધ કક્ષાના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી તંત્ર દ્વારા આ જોખમી આવાસો તોડવા ગતિવિધિઓ હાથ ધરાશે.

## ૬૯ કિલો કાર્બાઈડયુક્ત કેરીનો જથ્થો નાશ કરાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં ચાલી રહેલા હિટવેવને લઈ હરકતમાં આવેલ મનપાના ફૂડસેફટી વિભાગે શહેરમાં વેચાતી કેરીઓમાં કાર્બાઈડયુક્ત કેરીનો ૬૯ કિલો ૫૦૦ ગ્રામ જેટલો જથ્થાનો નાશ કર્યો છે. શહેરમાં ૧૧ જેટલા સ્થાનોએ કેરીનો વેપાર કરી રહેલા વેપારીઓ પાસે આવી બગડેલી કેરી મળી આવી હતી.

તંત્રની ટીમોએ શહેરના ૩૫ જેટલા સ્થાનો પર શેરડીના કોલા, લીંબુ સીકંજી, પાણી પુરી વેચાણ કરતા વેપારીઓને પણ ઝપટમાં લઈ ૬૦ કિલો જેટલા અખાદ્ય પદાર્થોનો નાશ કરવા ઉપરાંત આ વેપારીઓ પાસેથી ૭૦૦ ગ્રામથી પણ વધુ પ્લાસ્ટીકનો જથ્થો પકડી દંડનીય કાર્યવાહી કરી છે.

તંત્રની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ ૮ જેટલા સ્થળોએથી લસ્સી, બદામ શેક, મેંગો મિલ્ક શેક, નેચરલ સેમીનો શરબત તેમજ શેરડીના રસના નમુના લઈ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપેલ છે.

# બે મહિનામાં પેયજળના પુરવઠાની ૧૨ ફરિયાદો મળી

**ટોલ ફ્રી કમ્પલેઈન નંબર પર છેલ્લા બે મહિનામાં શહેર અને જિલ્લામાંથી ૧૨ જેટલી ફરિયાદો મળી**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પાણીની ફરિયાદ માટે કાર્યરત કરાયેલ ટોલ ફ્રી કમ્પલેઈન નંબર પર છેલ્લા બે મહિનામાં શહેર અને જિલ્લામાંથી ૧૨ જેટલી ફરિયાદો મળી છે.

આ ફરિયાદોનું તાત્કાલિક નિવારણ પણ તંત્રના અધિકારીઓ દ્વારા કરી દેવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

ગાંધીનગર શહેરમાંથી ત્રણ જેટલી ફરિયાદો મળી હતી જેમાં ફોર્સથી પાણી નહિ મળતુ હોવાની ફરિયાદ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ આવી જ ફરિયાદો મળી હોવાનું જાણવા મળેલ છે એટલુ જ નહિ સમય કરતાં વહેલું પાણી બંધ કરી દેવાયાની ફરિયાદોનો પણ સમાવેશ થાય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ક્યાંય પણ પેયજળને લઈ ફરિયાદો છે નહિ અને પેયજળનો પુરતો પુરવઠો આગામી ચોમાસા સુધી ચાલશે એમાં કોઈ બેમત નથી.

જિલ્લામાં દર ગુરૂવારે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે પીવાના પાણીની સ્થિતિને લઈ સમીક્ષા થતી જ હોય છે. જિલ્લામાં જળસંચયની સાથે સાથે જળ બચત અંગેની જનજાગૃતિનું અભિયાન પણ સારૂ ચાલી રહ્યાનું આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

# સેક્ટર-૨૪ હરસિધ્ધનગરની સુરક્ષા દિવાલ બનાવવા માંગ

**દિવાલ તુટતા તસ્કરો અને દબાણકારો ત્રાસ વધે તેવી સંભાવના : સ્થાનિકો**

ગાંધીનગર તા ૨૪

સે-૨૪ હરસિધ્ધનગર સોસાયટી ફરેત નિર્માણ કરાયેલી દિવાલ તુટી જતા ગમે ત્યારે તસ્કરો હાથફેરો કરી લે તેવી દહેશત છે. જયારે નાની મોટી ચોરીના કિસ્સાઓ પણ બનતા રહે છે. કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવે તો પાકા દબાણો થતા પણ અટકશે તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે. આવા સંજોગોમાં આ ઠેકાણે દિવાલ બનાવવાનુ અનિવાર્ય છે. આ મામલે સ્થાનિકો દ્વારા પાટનગર યોજના વિભાગ સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

સે-૨૪ જય અંબે હરસિધ્ધનગર વસાહત સેવા ટ્રસ્ટના પ્રમુખે આ અંગે પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરને રજુઆતમાં જણાંવ્યા અનુસાર સે-૨૪ હરસિધ્ધનગર સોસાયટી ફરતે સુરક્ષા દિવાલ તોડી નાંખવામાં આવી છે. લાંબા સમયથી આ દિવાલ દબાણકારો તેમજ અસામાજિક તત્વોએ તોડી નાંખતા સોસાયટીના રહીશોની સલામતી જોખમાઈ છે. સાથોસાથ અનેક પ્રશ્નો પણ ઉઠવા પામ્યા છે. દિવાલમાં ગાબડા પડતા સોસાયટીમાં ઘુસતા તસ્કરો ગમે ત્યારે હાથ ફેરો કરી લે તેવી દહેશત છે. જયારે જાણભેદુ ગઠીયાઓ નાની મોટી ચીજવસ્તુઓની ચોરી પણ કરતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. દિવાલ તુટતા દબાકારો પણ ગમે ત્યારે અડ્ડો જમાવે તેમજ અન્ય દબાણો વધવાની પણ સંભાવના છે. જેને ધ્યાને લઈ ત્વરતિ અસરથી આ દિવાલ નવી બનાવી આપવા માટે રજુઆતમાં જણાંવાયુ છે.








જળ એ જ જીવનના સંદેશા વચ્ચે થતો પાણીનો વેડફાટ... એક તરફ જળસંચયનું અભિયાન ચાલી રહ્યું છે... તો બીજી તરફ તંત્રની લાપરવાહીથી વેડફાતું જળ જીવ બાળે છે... હજુ જાગી જવાની જરૂર છે...

# જિલ્લાના પાંચ હજાર વાહન માલિકો પાસે આરસીબુક નથી

**જિલ્લામાં આર સી બુક ન ધરાવતા વાહન ચાલકો માટે શનિવારે કેમ્પનુ આયોજન : છેલ્લા પાંચ વર્ષ દરમિયાન યોગ્ય નામ સરનામે આર સી બુક ન મળી હોય તેવા કિસ્સામાં ખાસ કેમ્પનુ આયોજન**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં સ્થિત આર ટી ઓ કચેરી દ્વારા છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયગાળા દરમિયાન ઈસ્યુ કરાયેલી આર સી બુક યોગ્ય સરનામે ન પહોંચી હોય તેવા કીસ્સામાં વાહનમાલિકને આર સી બુક પહોંચતી કરવા માટે આગામી શનિવારે આર ટી ઓ કચેરીમાં કેમ્પ યોજાશે. ગાંધીનગર જિલ્લામાં આવા ૫ હજાર વાહનમાલિકોને આર સી બુક ન મળી હોવાના કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. આ તમામ કિસ્સામાં આર સી બુક આપવા માટે કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ બનવાની સાથે ઝડપી અને હાઈટેક હોવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં વાહનચાલકોને આર સી બુક ન મળી હોવાના પણ સંખ્યાબંધ કીસ્સા છે. આર સી બુક માટે કાર્યવાહી સંપુર્ણ કર્યા બાદ યોગ્ય નામ સરનામે બુક ન પહોંચતા વાહનચાલકોએ પણ ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરી દ્વારા એકબાજુ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે આર સી બુક ન મળી હોય તેવા કિસ્સામાં વાહનમાલિકોને આર સી બુક પહોંચતી કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૧૩-૧૪ થી ગાંધીનગર જિલ્લામાં આર સી બુક પોસ્ટ કરવામાં આવી હોય પણ યોગ્ય નામ સરનામે ન પહોંચી શકી હોય તેવા ૫ હજાર જેટલા કિસ્સાઓ ધ્યાને આવ્યા છે.

જયારે લાંબા સમયથી આ મામલે કાંઈ થઈ શક્યુ નથી. જેને અનુલક્ષી આગામી શનિવારે આર ટી ઓ કચેરી દ્વારા વિશેષ કેમ્પનુ આયોજન કરી આર સી બુક યોગ્ય વાહન માલિકને મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. વાહન માલિકો વાહન તેમજ પોતાના જરૂરી આધાર પુરાવા સાથે આર ટી ઓ કચેરીમાં રજુ કરી પોતાના વાહનની આર સી બુક મેળવી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. આર ટી ઓ કચેરીએ આ અંગે વેબસાઈટ પર વાહનોના નંબરોની યાદી સાથે લીસ્ટ પણ મુકયુ છે. અગાઉ અમદાવાદમાં પણ આ પ્રકારનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. પરંતુ આ કેમ્પને યોગ્ય પ્રતિસાદ મળ્યો ન હતો.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com